

શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

## ચાલો પ્રવાસે ગ્રંથમાળા


બાળપ્રવાસો
ગુજરાત–મહારાષ્ટ્ર
દાદા દર્શને
ગિરિ શિખરો
આફ્રિકા સાંભર્યું
ફરવા જઈએ
રોજનીશી
ખળાવાડ અને

આવા અન્ય રસ ભરપૂર
નીચેના સેટો પણ વસાવો

હાસ્ય વિનોદ ગ્રંથમાળા
ગાતી ગ્રંથમાળા
અવલોકન ગ્રંથમાળા
રહસ્યકથા ગ્રંથમાળા
કથાનાટ્ય ગ્રંથમાળા
પશુપક્ષી ગ્રંથમાળા
જીવનચરિત્ર ગ્રંથમાળા
જ્ઞાનવર્ધક ગ્રંથમાળા
પાઠપોથી ગ્રંથમાળા

સેટનું મૂલ્ય રૂ. ૧૬–૦૦


આર. આર. શેઠની કંપની
મુંબઈ–૨ □ અમદાવાદ–૧


શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

# ચાલો પ્રવાસે

## ગ્રંથમાળા

સંપાદકો : ગિજુભાઈ
અને તારાબેન

## ગુજરાત–મહારાષ્ટ્ર





શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

## ચાલો પ્રવાસે ગ્રંથમાળા

•

# ગુજરાત-મહારાષ્ટ્ર

લેખક
ગિજુભાઈ

આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨ : ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ–૪૦૦ ૦૦૨
અમદાવાદ–૩૮૦ ૦૦૧

© પ્રકાશકના

પુનઃ સંપાદિત
પુનર્મુદ્રણ
જાન્યુઆરી ૧૯૮૨

પ્રત : ૩૧૫૦

સેટનું મૂલ્ય રૂા. ૧૬–૦૦
[ આઠ પુસ્તકો ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી
સોનગઢ ૩૬૪ ૨૫૦

# ગુજરાત

"ગુણવંતી ગુજરાત,
અમારી ગુણવંતી ગુજરાત."

ગુજરાત! તું અમારી મા છો. અમે તારાં બાળક છીએ.

મા! અમે એટલે હિંદુ, મુસલમાન, પારસી ખ્રિસ્તી, યહૂદી ને જૈન.

અમે એટલે ધારાળા ને દૂબળા, કાઠી ને ખસિયા, મકરાણી ને મહીઆ, કચ્છી ને સિંધી, આરબ ને રોહીલા, ભરવાડ ને આયર, વાણિયા ને બ્રાહ્મણ, ખોજા ને લુહાણા, ઢેઢ અને ચમાર.

મા! સૌ તારે પેટે પડેલા, તારું દૂધ ધાવેલા ને તારે ખોળે રમેલા.

મા ! જુગજુગ જૂની તું છો, ગુર્જરો આવ્યા ને તારે ખોળે બેઠા, તે પહેલાંની ય તું છો, મા !

મા ! જૂનું છે તારું વલભી, ગુજરાતનું જૂનામાં જૂનું પાટનગર : બુદ્ધધર્મનો અખાડો, શિવમંદિરોની કચેરી ને ચોરાસી બંદરનો વાવટો.

મા ! વલભીની પેલા ધુંધળીમલની ને કાકુશેઠની દીકરીની રત્ને જડેલી કાંચકીની વાતો આજે પણ ઇતિહાસમાં તારાં છોકરાં વાંચે છે.

જૂનું છે, મા ! તારું સોમનાથનું પાટણ, દરિયાની દીવાદાંડી જેવું. એ સોરઠને કિનારે ઝળકતું હતું, તે ઠેઠ ગિઝનીથી મહમ્મૂદ લોભાઈને આવ્યો. મા ! એ પડી એની જૂની જૂની વાતો એનાં પુરાણાં ખંડેરોમાં. ને તું તો એ જાણે જ છે તો !

જૂનાં છે તારાં અણહિલવાડ, ને ચાવડા-વંશના વનરાજ ને સોલંકી ભૂવડ; જૂનાં છે તારાં સિદ્ધપુર ને સિદ્ધરાજ ને મૂળરાજ, ને સૌથી જૂની છે તારી સોનેરી દ્વારકા. પાંડવો અને કૌરવોથી પણ જૂની છે એ; મહાભારત ખેલીને શ્રીકૃષ્ણ ત્યાં પધાર્યા હતા.

મા ! જૂનો છે–કોઈ જોગી જેવો જૂનો છે



તારો ગિરનાર; મુચકુંદને મારીને શ્રીકૃષ્ણ ત્યાં સંતાયા હતા.

પણ એથી યે જૂની છે સુદામાની સુદામાપુરી. કૃષ્ણ જ્યારે નાના હતા ત્યારે ગુરુને ઘેર સુદામા સાથે ત્યાં ભણતા હતા. સુદામાની સાથે ત્યાં એમને ભાઇબંધી થઈ હતી. એ સુદામાપુરી એટલે પોરબંદર.

મા ! તું જુગજુગજૂની છો.

દરિયાકાંઠે બેસી દેશદેશનાં વહાણો તેં નિહાળ્યાં છે, મા ! ને આબુ-ગિરનારને માથે બેસીને કંઈક રાજ્યોને તેં જોયાં છે.

મા ! કહું, ક્યાં ક્યાં તું બેઠી છે? આબુ ને આરાસુર, પાવાગઢ ને રાજપીપળા, પારનેરા ને ગિરનાર, શેત્રુંજો ને ગીર, બરડો ને ચોટીલો : મા ! તારાં એ બેસણાં છે. ને મા ! કહું ક્યાંથી તું પાણી ભરે છે? મહી ને સાબરમતી, તાપી ને નર્મદા, બનાસ ને સરસ્વતી, ભાદર ને ઘેલો, કાળુ-ભાર ને શેત્રુંજી, મચ્છુ ને ભોગાવો : મા ! એ તારાં પાણિયારાં છે.

મા ! તું મને બહુ રૂપાળી લાગે છે. જે આવે છે તે તારું રૂપ જોતાં જોતાં ધરાતાં જ નથી. શી

તારી ચરોતરની લીલીછમ વાડી ! શાં તારાં છલોછલ વહેતાં નર્મદા અને તાપીનાં નિર્મળાં જળ ! અને તારી સોરઠની ગીર ! લીલી કુંજાર જેવી રસાળ અને પાધર ગુજરાત ! માડી ! કચ્છના રણુથી, ને કાઠિયાવાડના નાના મોટા ડુંગરોથી તો બમણી શોભે છે.

મા ! કહું, ક્યાં ક્યાં તારી ફૂલવાડીઓ છે ? ફળવાડીઓ છે? અને રાનવાડીઓ છે ? એક આખો ચરોતર : અને ખેતરેખેતરે તારો બગીચો છે. અને લીલી નાઘેર, સોરઠ કાંઠાની લીલોતરી. ગિરનારની ગીર ને મહુવાનું રાન. તારી વાડીઓ કાંઈ ઓછી નથી.

મા ! સાંભળે છે ના ? રોજ તારી વાડીએ મોર ગળકે છે, પોપટ પઢે છે, કાબર કલબલે છે, કબૂતર ઘૂઘવે છે; ને ચકલી-હોલાનો તો કાંઈ પાર જ નથી.

મા ! તારી વાડીએ દેશદેશનાં પક્ષીઓ ઊડીને આવે છે. તારે ત્યાં ક્યાં ઊણપ છે ? સૌ પાંચ દિવસ રહે છે ને પાછાં ઊડી જાય છે–ચણી ચણીને ઊડી જાય છે. ઠેઠ ઇટલીથી દિવાળીનો ઘોડો આવે

પાધર=સપાટ



છે; સિંધથી કુંજડાં આવે છે; પંજાબ ને કાશ્મીરથી શ્યામો આવે છે. ક્યાંઈ ક્યાંઈથી આવે છે, મા ! તારી સોહામણી ફળભરી વાડીએ નવરંગી પક્ષીઓ. જુગજુગજૂની તારી મહેરબાની છે. પક્ષીઓ ! પેટ ઠારીને ચણજો; આ તો ગુજરાતનું આંગણું છે.

અને મા ! તારે ખોળે શું અમે એકલા જ રમીએ છીએ ? ગીરના સિંહો તારે ખોળે ખેલે છે. વાઘ, ચિત્તા ને દીપડા તારો ખોળો ગલૂડિયાં જેમ ખૂંદે છે. હરણાં તો તારે ખોળે ઠબક ઠબક ઠેકે છે, કેમ જાણે ઠેકવાની ગાદી !

મા ! તારે ખોળે સૌ સરખું. સાવજે સૂએ ને નાનું એવું સસલું પણ સૂએ. તું તો સૌની મા–જનેતા ખરી ના ?

મા ! માથે આબુનો મુગટ શોભે છે ને પગે સાગરનાં મોજાં ઘૂઘરા વગાડે છે. મા ! પાટણનું પટોળું ને અમદાવાદી કાપડું પહેરી તું ખોળે લે છે, ત્યારે તારા ઉપર હેત આવે છે. ને મા ! પગમાં કચ્છ–કાઠિયાવાડની ખણુખણુતી કાંબીઓ પહેરી તથા ભરત ભરેલા ચણિયા ઉપર ચૂમકિયાળી ચૂંદડી ઓઢી હલપતી મલપતી ચાલે

છે, ને જામનગરના કંકુનો કપાળે ચાંદલો અને સેંથે સિંદૂર પૂરી દેવદર્શને નીકળે છે, ત્યારે મા! તું બહુ રૂપાળી લાગે છે.

મા! દેશપરદેશ સાથે તારાં વહાણવટાં હતાં. તારું વહાણ મક્કામદીનાથી ખજૂર લાવતું; તારું વહાણ જાવા જતું ને તેજાના લાવતું; મા! તારું વહાણ ચીનજાપાન જતું ને રેશમ લાવતું ને તારું વહાણ આફ્રિકાના જંગબારે જતું ને લવિંગના ઢગલેઢગલા લાવતું ને મોંઘો મોંઘો દાંત લાવતું.

ને અહીં તારે ત્યાં શું હતું? ભાતભાતનાં ને રંગરંગનાં લૂગડાં તારે ત્યાં હતાં. દુનિયા ચામડાં ઓઢતી ને જાડાં કપડાં પહેરતી, ત્યારે મા! તું એને ઝીણાં ઝીણાં કપડાં પહોંચાડતી.

ને હીરામાણેક ને ઝવેરાત તો તારા પેટમાં ભર્યાં હતાં. ને મોતીની તો તારા દરિયામાં ખાણો! હિંદુસ્તાનમાં જે હતું તે તારા દીકરા વહાણોમાં નાખી દેશપરદેશ આપવા જતા. દેશપરદેશમાં તારી નામના હતી. એ સાંભળી સાંભળીને તો સૌ તને જોવા આવતા, ને જોઈ જોઈ ને લોભાઈ જતા. ગોરાઓએ પહેલી કોઠી સુરત નાખેલી.



એક વાર, મા! તું અભરે ભરી હતી. એની એ તું, પણ આજે? આજે દેશપરદેશથી લૂગડાં આવે ત્યારે તું ઢંકાય છે. જાવાની ખાંડ આવે ત્યારે તારું મોઢું ગળ્યું થાય છે. અરે મા! કોણ જાણે કેવી તું થઈ ગઈ છે! કેમ જાણે હાથપગ ભાંગી ગયા છે. એક ટાંકણી માટે તારે પરદેશ લખવું પડે! એક દીવાસળીનું બાકસ જાપાન અને નોરવે મોકલે ત્યારે! ને એક આટલીક-શી સોય માટે તારે ફાટેલે લૂગડે બેસી રહેવું પડે!

પણ મા! ના રડતી. અમે તારાં છોકરાંઓ હજી બેઠાં છીએ. આ ઘડીએ અમે આળસ ખંખેરી ઊભાં થઈશું.

એમ કાંઈ તારો ગુજરાતી ઓછો છે? દેશ દેશમાં ઘૂમેલો છે ને હજુ યે ઘૂમે છે.

ગુજરાત! ઓ ગરવી ગુજરાત! જ્યાં જ્યાં તારા દીકરાઓ છે ત્યાં ત્યાં તું છે, ને ત્યાં ત્યાં ગુજરાત છે.

મા! ઊજળા એવા તારા દીકરાઓ ને તેથી યે ઊજળી તારી દીકરીઓ. મૂળે મારવાડ-મેવાડની ખરી, પણ પછીથી તારી થઈને રહેલી એ મીરાંની

---

અભરે ભરેલું હોવું=પુષ્કળ હોવું; સર્વ વાતે સુખી હોવું

વાત તો જગજાહેર છે. શ્રીકૃષ્ણ માટે એણે રાજપાટ ધોળ્યાં કરેલાં ને ઝેરના પ્યાલા પીધેલા.

નરસૈંયો તો તારો જન્મ્યો. જૂનાગઢનો નાગર : તળાજા-ગોપનાથમાં એ તપ તપેલો ને ભગવાનને પ્રસન્ન કરેલા.

તારે તે મા ! ભેદભાવ હોય? શું ઢેઢ-ચમાર કે શું બ્રાહ્મણ : એ તારા દીકરા એક નરસૈંયાએ કરી દેખાડ્યું ને આજે નરસૈંયાના અવતાર જેવો ગાંધી સૌને એક આરે કરી રહ્યો છે. મા ! ભાઈઓ ભાઈઓને ન અડે તે કાંઈ સારા દીકરા કહેવાય ?

ને મા ! તું કાંઈ એકલા ભકતની જ મા છે? શૂરાપૂરા ય તારી કૂખે પાક્યા છે. વનરાજ, સિદ્ધરાજ ને મૂળરાજ; ઓખામંડળના મૂળુ ને માણેક; પરમ દહાડાના બાવાવાળો ને જોગીદાસ ખુમાણ, અને ગઈ કાલનો જ રામવાળો. એકેએક તારો દીકરો શૂરો હતો. બધા તારે થાને ધાવેલા.

ને માડી ! સતી રાણકદેવી કોની દીકરી ? સતને સારું તો બળી મૂઈ. ને માડી ! જસમા ઓડણે કોનું દૂધ પીધેલું ? રાજા સિદ્ધરાજ જેવા રાજાને ઠેબે માર્યો'તો અને મા ! આઈ નાગમતી

ધોળ્યા કરવું=માથે ઉતારી નાખી દેવું; તજી દેવું



કોને ખોળે રમેલાં? ઠારઠાર ઊભેલા સતીઓના પાળિયા, મા! તારી દીકરીઓના છે. રંગ છે એ દીકરીઓને ને રંગ છે એની જણનારીઓને !

એટએટલા ભકતો ને શૂરાની તું મા છો; પણ હજી બીજા યે છે.

એક સહજાનંદ તારો દીકરો હતો. કાઠી, કોળી ને લોકલાઈ અફીણ-ગાંજામાં સપડાયાં હતાં; જઈને સ્વામીએ એમને સુધાર્યા. સહજાનંદ કહેવાઈ ગયા ભગવાનનો અવતાર. તારી કાયા ઉપર ચાર ચાર એનાં ધામો છે. ગઢડામાં ને મૂળીમાં, અમદાવાદમાં ને વડતાલમાં.

બીજો તારો દીકરો મૂળશંકર બ્રાહ્મણ : મોરબી પાસે ટંકારાનો. માડી! એકલા પથરાની પૂજા વધતી ગઈને એ તને ન ગમ્યું. કેટલા બધા પથરા પૂજાતા ! પથરા એટલા જ દેવ. માડી ! તને ગાંડી કરી મૂકેલી. પણ મૂળશંકરે દયાનંદ સરસ્વતી થઈ હાક મારી : "એ ગાંડાઓ ! પથરા પ્રભુ ન હોય; પ્રભુ તો મનમાં હોય." એ તારા દયાનંદે આખા દેશમાં તારું નામ કાઢ્યું.

એક થઈ ગયો તારો દીકરો : દાદાભાઈ એનું નામ. આખા દેશનો દાદા કહેવાયો. એ

વિલાયતમાં તારે માટે રહી રહીને દાદો થઈ ગયો ને તારાં છોકરાં માટે જીવ્યો, ને મર્યો.

એમ તો તારા દીકરાઓનો પાર નથી.

આજે પણ છે એક તારો મોહનીઓ. તારા મોહને તો તો દેશદેશાવરમાં ડંકો વગાડયો! છે તો સળેકડા જેવો ને હાથમાં એને ય હથિયાર નથી, પણ ગોરી સરકાર હાય નાખે છે.

મોહનની સામે જુએ છે તું, માડી? ભાઈઓના દુ:ખે દૂબળો છે; ભાઈઓ ભેગો ભૂખ્યો છે; ભાઈઓ સાથે ઉઘાડો ને અડવો છે. તો યે સાબરમતીના તળિયાની આ માડી! એને જોઈ જોઈને હરખાય છે ના તારું હૈયું?

પહેલાં, મા! તારા દીકરા તલવારે લડતા; હમણાં કલમે લડે છે. એ તો એવું છે; કોઈ વાર તલવારે ધિંગાણાં ને કોઈ વાર કલમે ધિંગાણાં. સમા સમાને પણ ઓળખે છે તું, માડી!

મહાત્મા ગાંધી કહે છે: "મારે તો વગર હથિયારે લડવું છે." મા! તેં તો ઘણા દિવસ જોયા છે. મુશળનાં તુમુલ યુદ્ધો જોયાં છે; બરછી-ભાલાની ઘોંચાઘોંચી જોઈ છે; ઢાલ-તલવારની

સમો=વખત   તુમુલ=દારુણ; ભારે જબરું



ઝપાઝપી જોઈ છે; બંદૂક-તમંચાના ભડાકા સાંભળ્યા છે; તોપોના ગડગડાટ પણ સાંભળ્યા છે. પણ આ ભડની રમત નોખી છે. આ તારો દીકરો સતિયો છે; સતની લડાઈ એણે આદરી છે.

અમદાવાદ તારું પાટનગર છે, મા! અહમદશાહે એ વસાવેલું. ગુજરાતમાં ઊતરી અહમદશાહ વિચાર કરતો હતો કે શહેર ક્યાં વસાવવું? ત્યાં તો સસલાને કૂતરાની પાછળ દોડતો જોયો. બાદશાહ વિસ્મય પામ્યો: "સસલો કૂતરાની પાછળ? બસ, અહીં જ શહેર વસાવવું જોઈએ એવી જોરાવર આ જમીન લાગે છે." ત્યારથી કહેવાય છે કે 'જબ કુત્તા પર સસ્સા આયા, તબ બાદશાહને શહેર બસાયા.'

તારું અમદાવાદ તો અમદાવાદ જ છે મા! ગુજરાતનો વેપાર, ગુજરાતની કળા, ગુજરાતની વિદ્યા, ગુજરાતની શક્તિ, આજે પણ અમદાવાદમાં છે. તારા સાડલાને છેડે અલબેલી મુંબઈનગરી છે, પરંતુ અમદાવાદ તો તારા હૈયાનો હાર છે.

અને પાંચે આંગળીએ વેઢ શોભે એમ સુરત

નોખી=જુદી   ભડ=શૂરવીર

ને વડોદરા, ભાવનગર ને જામનગર ને પાંચમું ભાંગ્યું તો યે ભરૂચ, શોભે છે.

મા ! તારે આંગણે કંઈક આવ્યા ને કંઈક ગયા. એમાં કંઈક તો તારા દીકરા થઈ ને રહ્યા, ને મા ! અને શોભાવી અને તને ઘરેણાં કર્યાં. મુસલમાનોએ ઠારઠાર ઘર કર્યાં; મસીદો અને મકબરા કર્યાં; હોજ તેમજ મિનારા બાંધ્યા. અમદાવાદ એનાથી આજે રળિયામણું લાગે છે.

વળી કંઈક આવ્યા તે મા ! તારાં ઘરેણાં-લૂગડાં ય લૂંટી ગયા. અને તો યે મા ! તું તો સદા યે અમારા તરફ તો એવી ને એવી જ. ચીંથરેહાલ હોય ત્યારે પણ હસતી ને હસતી!

મા ! તારી કચેરીમાં કોણ કોણ છે, કહું ? મહારાજાઓ, નવાબો, રાજસાહેબો ને ઠાકોર-સાહેબોથી તારો દરબાર શોભે છે. આ બધા તારા મુગટના હીરા છે. વળી તારે ત્યાં પરદેશીઓ પણ છે. ક્યાંઇક ગોરાઓ છે, ક્યાંઇક વલંદાઓ છે.

માડી ! જૂના વખતની તું ને અત્યારની તું સાવ જુદી. અત્યારે તો તારી શિકલ બદલાઈ ગઈ છે. એ તો આ તારા ગોરાઓ આવ્યા ને

શિકલ=ચહેરો; દેખાવ



સાથે કંઇક એવું તો લાવ્યા છે! આ એક બટન ચાંપે ત્યાં અમદાવાદ આખામાં દીવા! પહેલાં તો પાટણથી ઘોઘે જતાં કેટલા યે દિવસ થતા, ને અત્યારે તો સવારે બેઠા કે સાંજે ઊતર્યા! ને હવે તો આઘેઆઘેથી વાતો યે કરે છે તારા દીકરા ને દીકરીઓ! ને મોટરગાડીઓ તો ઠેઠ તારાં ગામડાંમાં યે ઘરરર કરતી ને ભૂં ભૂં કરતી ફરે છે.

મા! દીકરો છું, પણ કહું? તું બદલાઈ તો ખરી, પણ એ વિલાયતી બૂટ પહેરીને ચાલે છે ત્યારે નથી ગમતી ને રૂપાળાં પાટણનાં પટોળાં ને ખંભાતની ચંદનકળાને મૂકી વાયલ અને અવળગંડી પહેરીને મહાલે છે ત્યારે તો, મા! તું વરવી લાગે છે.

માડી! તારે ઘેર વીજળીના દીવા ને ઘોડા વિનાની ગાડીઓ છે એ ખરું, પણ એમાં સારું શું ને નરસું શું એની તો તને ખબર!

પણ મા! હવે કંઈક કહે; તારાં છોકરાંઓને કંઈક કહે કે થોડાં ડાહ્યાં થાય. પૂરું ખાવા ન મળે ને વરઘોડા તે શા માટે કાઢતા હશે? તારા દીકરા

આઘેથી=દૂરથી   વરવી–બેડોળ

અંદર અંદર લડે ને કોરટો કરે એ તે કાંઈ રીત કહેવાય ? ગુજરાત, માડી! બ્રાહ્મણે તારો દીકરો ને ભંગી યે તારો દીકરો; તારે તો બેઉ આંખો સરખી. તો યે કેમ નથી કહેતી કે " દીકરાઓ! ભાઈને અડીને અભડાશો તો હું તમારી મા નહિ રહું? તો તમે ગુજરાતને તમારી મા ન કહેતા?" ને મા! ખોળે બેસાડીને અમને કહે ને કે " એલા રમણુ ને એલા રસુલિયા! જો હવે પછી લડયા છો તો તમારી વાત તમે જાણ્યા! અલ્યા, ઘરમાં ઘરમાં લડી મરશો તો ખુવાર થશો."

ગુજરાત, મા! તારી કળા અને કારીગરી આજે તો ઝાંખી ઝાંખી છે. કંઈક દટાઈ ગઈ, કંઈક રગદોળાઈ ગઈ, કંઈક ચોરાઈ ગઈ ને કંઈક વગર સંભાળ્યે બગડી ગઈ – અને છતાં આબુના દેલવાડાનાં મંદિરોની કોતરણી દુનિયામાં ક્યાંઈક જ મળશે. નગર નગરનાં જૂનાં જૂનાં મંદિરોમાં તારું રૂપ ઓહો છે. જૂની હવેલીના ગોખો અને અટારીઓનાં કોતરકામ, બા! જોઈ જોઈને તો જેની તેની આંખો ઠરે છે. ને કચ્છ-કાઠિયાવાડનું ભરત પહેરીને ફરે છે તારી દીકરીઓ, ત્યારે દેખાય છે, બા! સુંદર ને રૂપાળી. ને તારા ઘરના ઉંબરાના સાથિયા ને રંગની ઓળીઓ, ઘરની ભીંતે ટાંગેલા ચાકળાચંદરવા ને તોરણો, ને એનાં આભલાં ચમક ચમક ચમકે છે.



નવરાત્ર આવે છે ત્યારે તારી દીકરીઓ માથે ગરબો લઈ રમવા નીકળે છે. કોરેલા એ ગરબા ને મહીંથી ઝગમગ ઝગમગ થતું તેજ! ગરબે રમતી ઊંચી અને પાતળી ને અણિયાળી આંખોવાળી તારી દીકરીઓ, કાંઈ શોભે છે!

ને ઊંચા પડછંદ જેવા તારા દીકરાઓ હોંશે હોંશે તારો ખોળો રાસ લેતા ખૂંદે છે ને ખેલે છે, ત્યારે તું ધમધમે છે.

પણ મા! હમણાં હમણાંમાં તારી દીકરીઓ ને દીકરાઓ કંઈક જુદાં થઈ ગયાં છે. આ તારી જૂની રીતો નથી ગમતી એમને. મોં મચકોડીને ચાલી જાય છે એ ગરબે રમતી બહેનો પાસેથી. અને વાત પણ એમ છે કે આ તારી હમણાંની દીકરીઓમાં જોર પણ નથી. અડધી માંદી ને મરેલી જેવી તારી દીકરીઓને ચાલતાં ચાલતાં શ્વાસ ચડે છે! આ જોઈ જોઈને મારું તો કાળજું સડસડે છે.

મા ! એ વાત જવા દઉં.

મા ! અમે તારી ગોઠણોને જાણીએ છીએ. સોળ હાથની સાડી પહેરનારી તારી એક ગોઠણ; ઘેરદાર ને ટૂંકડો ઘાઘરો પહેરનારી તારી બીજી ગોઠણ. એક મહારાષ્ટ્રમાંથી થઈ ને બીજી ઉપર મારવાડમાંથી મળી. ને આભો પહેરનારી બીબી તો તેં ખોળે લીધી છે ! એ તો તારી દીકરી થઈ ગઈ છે.

સુરત ને અમદાવાદ તારી નગરીઓ. એની શોભાની શી વાત ! ત્યાં તો ખાવાનાં ને પીવાનાં; ત્યાં હરવાના ને ફરવાનાં; ત્યાં નાટક ને ચેટકો; ત્યાં નિત નવાં પહેરવાનાં ને ઓઢવાનાં.

પણ માડી ! વળી કહેશે બહુ ડાહ્યો થઈ ગયો, પણ કહું ? હમણાં તું આવી કેમ થઈ ગઈ છે? તારાં ગામડાંમાં રહેતાં દીકરા-દીકરીઓ સામે તો જો ! એમને ખાવા પૂરું ધાન નથી; પહેરવા પૂરતાં લૂગડાં નથી બિચારાં રાનરાન ને પાનપાન છે !

મા ! તું ઊંઘે છે કે જાગે છે? શહેરમાંથી માડી, તું બહાર નીકળ, ને જો તો ખરી કે તારાં ગરીબ બાળુડાંના શા હાલ છે ? બિચારાં વરસાદ વિનાનાં

રાનરાન ને પાનપાન=હાલહવાલ થઈ જવું તે



ટળવળે છે ! તૂટેલે પૈડે ગાડું હાંકે છે ! ભૂખી ગાયને દોવા મથે છે ! માંદાં છે, મેલાં છે !

મા ! એની વહારે તું ક્યારે ધાઈશ ?

★

# મહારાષ્ટ્ર

મહારાષ્ટ્ર મારો અને હું મહારાષ્ટ્રની. મહારાષ્ટ્રમાં મારાં માતાપિતા, મહારાષ્ટ્રમાં મારો જન્મ, મહારાષ્ટ્રમાં જ હું મોટી થઈ અને મહારાષ્ટ્રમાં જ હું ભણીગણી. મહારાષ્ટ્ર મારો અને હું મહારાષ્ટ્રની.

માણસને પોતાનો દેશ કેટલો બધો વહાલો હોય છે! પણ એ એમ ખબર ન પડે. એ તો દેશ છોડી બહાર જઈએ ત્યારે જ ખબર પડે. બહાર જઈએ ત્યારે દેશ સાંભર્યા જ કરે. એમ થાય કે એની વાતો સૌને કહ્યા જ કરીએ!

ખરેખર, હું મારા મહારાષ્ટ્રની વાતો કહેતાં કેમ ધરાઉં? કદાચ સાંભળનાર થાકે પણ હું ન થાકું; સાંભળનાર કંટાળે પણ હું ન કંટાળું.

મેં મારી વાતો ઘણાંને કહી છે. ચાલો, થોડીએક તમને પણ કહું.



પહેલાં ડુંગરાની વાત કહીશ. ડુંગરા મને બહુ ગમે છે. સહ્યાદ્રિ અમારો ડુંગર. તમે ભૂગોળમાં નામ તો સાંભળ્યું હશે—સહ્યાદ્રિનું ને સાતપૂડાનું.

સહ્યાદ્રિ કાંઈ ડુંગર ન કહેવાય. એ તો પર્વત કહેવાય. જો કે એ કાંઈ હિમાલય જેવડો ઊંચો નથી; એને માથે બરફ પણ નથી. તોપણ એ પર્વત તો કહેવાય જ. સહ્યાદ્રિ એટલે પહાડોની લાંબીલાંબી હારની હાર. એક લાંબોલાંબો ડુંગરઘાટ.

અમારા–ને વળી તમારા પણ, શિવાજી મહારાજ આ ડુંગરનો ઉંદર. એ તો ઉંદર જેમ ડુંગરામાં ખરરખટ્ કરતા જાય ભાગ્યા! ભલે એના દુશ્મનો મોટી ફોજ લઈને ચડી આવે! પણ શિવાજી મહારાજ ને એના માવળા કાંઈ હાથ આવે? માવળા ડુંગરાના જ રહેનારા. ડુંગરા તો એમના ઘરના. ખભે કાળી કામળી, હાથમાં ડાંગ, નીચે બાંધે, એકેએક માવળો ડુંગરમાં ક્યાંનો ક્યાંઈ ઊતરી પડે, દુશ્મનોની કારી ફાવે જ નહિ. એ તો ખીજમાં ને ખીજમાં કહે:

કારી=યુક્તિ

"સાલે એ તો ડુંગરકા ચૂવા હૈ. ચૂવા જૈસા હી દૌડતા હૈ."

જેવા ડુંગરા એવી એની ઝાડી; મોટી ઘટાટોપ. એનું એક ગીત બોલાય છે:

> आला खंडाळयाचा घाट
> तेथें झाडी मोठी दाट;
> बोगद्यातून गाडी कां हो जायना ?"

[ આવ્યો ખંડાળાનો ઘાટ,
ત્યાં તો ઝાડી ભારે દાટ;
બોગદામાંથી ગાડી કેમે કરી જાય ના ?]

ખંડાળાનો ઘાટ એટલે મુંબઈ અને પૂના વચ્ચેની ડુંગરોની હાર.

પણ બોગદો એટલે શું, જાણો છો? પણ તમે ક્યાંથી જાણો?

એક વાર અમારે સુશીલાની સાથે ભારે ગમ્મત થઈ. સુશીલા અમારી સાથે અમારો દેશ જોવા આવેલી. અમે મુંબઇથી નાશિક જતાં હતાં. ખરા બપોર હતા. ચારેકોર અજવાળું અજવાળું હતું. તડકામાં ગાડી દોડી જતી હતી પણ અરે! એકાએક અંધારું ઘોર! અંદર કે બહાર કશું

ચૂવા=ઉંદર. ઘટાટોપ=ચારે બાજુથી ઢંકાઈ જાય તેવી ઘટા.



દેખાય જ નહિ. સુશીલા તો ગભરાઈ ગઈ. મારો હાથ એણે એવો તો પકડી રાખ્યો! ત્યાં તો પાછું અજવાળું થઈ ગયું.

સુશીલા તો આભી જ બની ગઈ. આ શું થયું ને ગયું?

મેં કહ્યું : "આ એક બોગદો ગયો."

"એટલે શું?"

"જે પેલું કાણા જેવું દેખાય છે તે; ડુંગરમાં કાણું. મોટું ભોંયરું ખોદીને ડુંગરામાં ગાડી માટે રસ્તો કર્યો છે તે."

સુશીલા કહે : "ડુંગરામાં કાણું? એને કેમ પાડયું હશે? અને આખી ગાડી નીકળી જાય એવડું?"

"હા જ તો, આપણે હમણાં નીકળ્યાં તે એમાંથી જ."

એટલામાં તો બીજો બોગદો આવ્યો; ને પછી તો બોગદા આવવા જ લાગ્યા. સુશીલા તો બારીની બહાર જ ડોકું રાખી બેઠી. બધા બોગદા ગયા ત્યારે એણે અંદર માથું લીધું. પછી કહે : "આ બોગડા મને બહુ ગમે છે."

અમે બધાં હસી પડયાં. મેં કહ્યું : "બેન!

બોગદા કહેવાય; બોગડા નહિ.”

અમારા ડુંગરાને માથે બરફ નહિ તો મોટાં મોટાં જંગલો તો છે જ. ‘માથેરાન’ નામ સાંભળ્યું છે? માથા ઉપર રાન એટલે માથેરાન. રાન એટલે જંગલ, ઝાડી. અમારા ઘણાખરા ડુંગરા માથે રાનવાળા જ છે.

અને આ જંગલો પણ કેવાં? આવળ-બાવળનાં નહીં હો? એ તો જાંબુડાનાં જંગલો, આંબાનાં જંગલો, કાજુનાં જંગલો, કરમદાંનાં જંગલો!

મહાબળેશ્વરના ડુંગર ઉપર તો નરદમ જાંબુડા ને આંબા, આંબા ને જાંબુડા. ખાઈ-ખાઈને તે કેટલાંક ખાશો? ત્યાં જાંબુડાં કોઈ વેચબેચ નહિ; જોઈએ તો લઈ લ્યો તમે તમારી મેળાએ, ને ખાઈ લ્યો ધરાઈધરાઈને!

આંબાની કેરી ખાવી હોય તો ચાલો આંબાઘાટમાં. કોઈ ભાવ પૂછે નહિ. તમારાં જેમ ચણીબોર એમ અમારે કેરીઓ. રસ્તે ચાલતાં જાઓ ને ખાતાં જાઓ.

અને મજાના કાજુ ખાવા હોય તો ઊપડો કોંકણમાં. મુંબઈથી આગબોટમાં બેસવું ને



રત્નાગિરિ કે એ બંદરે ઊતરવું.

કોંકણ એટલે મહારાષ્ટ્રની ફળફૂલવાડી: નાળિયેર ને સોપારી, ફણસ ને કેળાં, કેરી ને કાજુ. એમાં યે કાજુનાં તો વનનાં વન. ટેકરા ઉપર ફરતાં જાઓ ને હાથે લઈને ખાતાં જાઓ. કોંકણ એટલે ફળફૂલનો બગીચો.

પણ કોંકણમાં તમને લાડુ-લાપશી નહિ મળે. ત્યાં ઘીની છલકાતી તાંબડી પણ નહિ મળે. ત્યાં તો છાશ અને ભાત; ઉપર જરા તૂપ. તૂપ એટલે ઘી. ત્યાંના લોકો બિચારા ગરીબ છે. ભાત (ડાંગર) પકવે ને ભાત ખાય; ભાતના જ રોટલા ને રોટલી ને બધું. બધો ભાત સાથે વહેવાર.

તમારા એક કાઠિયાવાડીભાઈ ત્યાં આવેલા. એક માસ રહ્યા ને ભાત જ ખાવા પડેલા. કહે છે કે અહીં આવી તેણે એક વરસ સુધી ભાત ખાધા જ નહિ, એટલા બધા ભાત એને ખાવા પડેલા!

પણ અમારા ભાત કાઢી નાખવા જેવા નહિ, હો! એ પણ ખાઈ જાણવા જોઈએ. ભાત વાટકીમાં દાબીને વાટકી પાતળમાં ઊંધી પાડીને

પીરસાય. પાતળમાં મૂદ પડે. મૂદ એટલે ભાતનો લાડુ. પછી મૂદ ઉપર વરણુ (વરણુ એટલે તુવેરની દાળનો લચકો) અને એની ઉપર તૂપ ને લીંબુ ખરેખર મીઠું લાગે. નાનાં બાળકોને તો વરણુ-ભાત બહુ ભાવે. એમાં મરચું ય નહિ ને મસાલો ય નહિ. અમારા પાડોશીનાં બે બાળકોને વરણુભાત એવાં તો ભાવે છે!

આ તો મેં કોંકણુની વાત કરી. કોંકણુ એટલે કોંકણુપટ્ટી-દરિયાકિનારા પરનો અમારા મહારાષ્ટ્રનો એક પટ્ટો; પણુ ડુંગરા ઓળંગીને જઈએ એટલે આવે 'દેશ.' મહારાષ્ટ્રના બે ભાગ: એક કોંકણુ, બીજો દેશ.

દેશમાં તમને ઘઉં, ચણા, મગ, જાતજાતનાં શાકભાજી, ઘી, દૂધ બધું મળે. ઘીદૂધ તો ત્યાં સારી પેઠે મળે. ત્યાં પૂરણપોળીને ઘીમાં બોળી બોળીને જ ખાવાની. ત્યાં લોકો બાટી બનાવે છે. ઘઉંની ખાખરીને ઘીમાં આખી ને આખી બોળીને ઉડાવે. ત્યાં તો શેરડીના વાઢ પણુ છે, ને તાજો ગોળ પણુ મળે. ત્યાં જાઓ તો પેલા ભાઈને ભાત જ ખાવા પડયા'તા એવું ન થાય.

દેશમાં ફરવા જાઓ ત્યારે અમારી નદી-



ઓની શોભા જોજો જ જોજો. વાઈની કૃષ્ણાબાઈ ને નાશિકની ગંગાબાઈ–ગોદાવરી. ગોદાવરીનું પિયેર ત્રંબકેશ્વરમાં ને ગંગાબાઈનું મહાબળે-શ્વરમાં. પછી જોજો પંઢરપુરની ચંદ્રભાગા ને દક્ષિણુ મહારાષ્ટ્રની તુંગા અને ભદ્રા. બધી યે નદીઓ બહુ જબરી. કાંઠે કાંઠે ફરવાની ભારે મજા પડે. ખળખળ ખળખળ પાણી વહ્યાં જાય ને જાણે કુદરતનાં ગીતો ગાતાં જાય.

અમારો દેશ જોશો ત્યારે પૂના તો જોવાશે જ. પૂના એટલે પુણ્યનગરી. પેશ્વાની એ રાજ-ધાની. આપણા ટિળક મહારાજ ને ગોખલેજીની એ પુણ્યભૂમિ.

પૂના પાસે જ આળંદી ને દેહુ છે. જ્ઞાને-શ્વર મહારાજનું ગામ આળંદી અને તુકારામ બુવાનું ગામ દેહુ. આળંદી–દેહુથી ઠેઠ પંઢરપુર સુધી ભક્તો જાત્રાએ જાય છે. ઓહો! એ સંઘ જોવા જેવો હોય છે. એકલા ભક્તો જ ભક્તો! ગાતા જાય, નાચતા જાય, આનંદમાં ઘેલાઘેલા થઈ જાય. બધા ધૂન મચાવતા હોય—

ग्यानबा तुकाराम ।
ग्यानबा तुकाराम ॥

કોઈ વળી લાંબી ધૂન મચાવે—

**निवृति, ज्ञानदेव, सेनापति, मुक्ताबाई ।**
**एकनाथ, नामदेव, तुकाराम तुकाराम ॥**

પૂના જાઓ ને પર્વતી ન જુઓ તે કેમ ચાલે? ત્યાં તમે પેશ્વાની જાહોજલાલીની વાતો સાંભળશો; પણ રસ્તે બહુ આંબલી ન ખાતા.

જરા વખત લઈને સિંહગઢ પણ જઈ આવજો. શિવાજી મહારાજના મહારાષ્ટ્રમાં જાઓ અને સિંહગઢ, રાયગઢ ને પ્રતાપગઢ ન જુઓ એમ બને જ કેમ? કાંઈ નહિ તો રાયગઢ તો જજો જ. શિવાજી મહારાજે ત્યાં સ્વરાજ્ય સ્થાપ્યું હતું. ત્યાં જઈએ એટલે આપણને જાણે સ્વરાજની હવા આવે. શેર લોહી ચડે. હા, ચડવામાં જરા કઠણ ખરો.

પૂનામાં 'શનિવાર વાડા' એટલે પેશ્વાનો રાજમહેલ જોજો. ત્યાં પેઠો બહુ છે. શનિવાર પેઠ, બુધવાર પેઠ, શુક્રવાર પેઠ, વગેરે. જરા વધારે વખત હોય તો હિંગણા પણ જજો ને પ્રોફેસર કર્વેની સ્ત્રીઓની વિદ્યાપીઠ જોજો. ત્યાં ઘણી ઘણી બહેનો ભણે છે.

---

પેઠ=પીઠ; બજાર



બહુ ન ફરો તો સતારા તો જઈ આવજો. સતારા એટલે શાહુ મહારાજની રાજધાની. પાસે જ છે સજ્જનગઢ. રામદાસ સ્વામીની ત્યાં સમાધિ છે. રામદાસ સ્વામી શિવાજી મહારાજના ગુરુ. રામદાસ સ્વામીનો ભગવો ઝંડો કહેવાય છે.

કદાચને જરા વધારે ફરો તો કોલ્હાપુરને અડી આવજો. એ પણ એક જૂનું શહેર છે. કોલ્હાપુરનાં અંબાજી માને પગે લાગજો.

અમારા દેશની બહેનોનાં ઉઘાડાં માથાં જોઈ તમને નવાઈ લાગશે. મુંબઈની દક્ષિણી સ્ત્રીઓને માથે ફૂલપાન ભાળશો જ ભાળશો. પણ બાપુ! ક્યાંઈક એમ ન માની બેસતા કે દક્ષિણી સ્ત્રીઓને માથે નાના બાગ ઊગે છે! એ ફૂલપાન તો તોડીને ખોસેલાં. એટલો એનો શોખ. કેટલાં યે ફૂલો ને પાન ને ફળ ખોસે. ને કેવી કેવી જાતનાં? ડોલર, ગુલાબ, જુઈ, જાઈ, સુરંગી, કુંદ, મુચકુંદ, સોનટક્કા કેસર, કેવડા, બોરસલી, ગુલછડી, મોગરો, બટમોગરો કસ્તુરમોગરો. ખરેખર કેટલાંક ફૂલો તો બહુ સુંદર ને સુગંધી. સુરંગીની શી શોભા ને શી સુગંધ! એની કાંઈ વેણી થાય! મુંબઈની સ્ત્રીઓને

વેણીનો કાંઈ શોખ! ભારે શોખ!

પણ પૂનામાં એટલું બધું નહિ મળે. ત્યાં તો અસલી જાતના ચોટલા ને અસલી રીતે ઓળેલું. હા, એમ ખરું કે દક્ષિણી સ્ત્રીઓ ઉઘાડે માથે રહે એટલે માથું સરસ ઓળે. ઓળવાનો શોખ તો બહુ જ.

વારુ, અમારે ત્યાં આવો ત્યારે થોડું એક ઇકડંતિકડં પણ શીખશો ને?

**'कस' काय? तुमचं नाव काय? आमच्या कोंकणात पोळी नाही हो. ताकभात नी अळवाची देंठी पोट भरुन खा हो।"** (કેમ છે? તમારું નામ શું? અમારા કોંકણમાં રોટલી નથી, હો? છાશભાત ને અળવીના દાંડલાની પાતળભાજી ધરાઈને ખાજે.)

વધારે દક્ષિણમાં જાઓ તો કાનડી બોલી ખુડખુડ ખુડબુડ ને બુડબુડ બુડબુડ. જાણે ડબલામાં નાખેલા કાંકરા વાગે! અમે એકવાર કાનડી મુલકમાં હતાં. કાનડી બોલતાં આવડે નહિ ને કોઈ બોલે ત્યારે શરમાઈએ. આપણે તો એક વાક્ય શીખી લીધું: "કન્નડ માત બરૂદ ઇલ્લા." (મને કાનડી આવડતી નથી.)

એક વાર હું દવાખાને દવા લેવા ગઈ. બે-ચાર બાઈઓ વાતો કરવા લાગી: કુડબુડ કુડબુડ, કાં? એ તો બોલ્યા જ કરે! આપણે મૂંગા બેઠા. છેવટે આસ્તેથી કહ્યું: "કન્નડ માત બરૂદ ઇલ્લા." અને પછી જોઈ લ્યો બધીનું બોખલું પડ્યું ને શરમાઈને ભાગી!

એક વાર મારે દહીં લેવું હતું. મેં ઇશારો કરી ગોવાલણને બોલાવી મરાઠીમાં જ પૂછ્યું:

"દહીં વેચવું છે?" એ તો "મુર મુરાણી, મુર મુરાણી" એમ બોલવા જ લાગી. મેં જરા તાણીને કહ્યું: "**दहीं आहे ना? मग देत कां नाहींस?**" (દહીં છે ને? ત્યારે દેતી કેમ નથી?) એ તો આંગળાં ઊંચાં કરતી જાય ને કહેતી જાય: "મુર મુરાણી મુર મુરાણી." પણ પછી મને ખબર પડી કે એ ત્રણ આને શેર વેચતી હતી. 'મુર મુરાણી' એટલે ત્રણ આના. હું તો સમજેલી કંઈક મમરા મમરા!

મુંબઈમાં દક્ષિણી–ગુજરાતીને બોલતાં સાંભળ્યાં છે? બંનેને એમ હોય છે કે દરેકને સારું ગુજરાતી–મરાઠી બોલતાં આવડે છે.

ચાલીમાં આવી મણિભાઈ દેશપાંડેને કહે: "કાં કસા કાય? અમારા બચુ લય ચાંગલા. જરા

ય રહેલ નાહિ." ત્યારે દેશપાંડે કહે છે : "હા હા, તમારા બચ્ચુ તો ઠીક. આમચ રઘુ ઘણી સારી. તે ચોપડી લાવી છે. આખ્ખો વખત વાંચત છે."

તમને મરાઠી ભાષા આવડતી હશે તો ભારે રમૂજ આવશે.

આવો અમારો મહારાષ્ટ્ર. આવી અમારી ભાષા. આવા અમારા લોકો. મહારાષ્ટ્ર અમને બહુ વહાલો. એ અમારો ને અમે એનાં.

★